પાઇક આજ્ઞા આપે છે

'રાદુગા' પ્રકાશન · મોસ્કો

ИБ № 5072
Переводчик Шрути Мехта. Редактор русского текста М. Е. Шумская. Контрольный редактор А. С. Пожинский. Художник Т. А. Лебедева-Маврина. Художественный редактор К. Ш. Баласанова. Технический редактор А. П. Прянчикова. Корректор А. А. Шамаро. Сдано в набор 20.07.88. Подписано в печать 14.02.89. Формат 60х90/8. Бумага офсетная. Гарнитура Гуджарати. Печать офсетная. Условн. печ. л. 3,5. Усл. кр.-отт. 15,0. Уч.-изд. л. 3,89. Тираж 4220 экз. Заказ № 2340. Цена 50 к. Изд. № 5654. Издательство "Радуга" В/О Совэкспорткнига Государственного комитета СССР по делам издательств, полиграфии и книжной торговли. 119859, Москва, ГСП-3, Зубовский бульвар, 17. Фирма-партнер: Пиплэ Бук Хаус, г. Ахмедабад, Индия. Отпечатано с готовых диапозитивов Можайского полиграфкомбината В/О Совэкспорткнига Государственного комитета СССР по делам издательств, полиграфии и книжной торговли. 143200, Можайск, ул. Мира, 93 на Ленинградской фабрике офсетной печати № 1 дважды ордена Трудового Красного Знамени Ленинградского производственного объединения "Типография имени Ивана Федорова" Союзполиграфпрома при Государственном комитете СССР по делам издательств, полиграфии и книжной торговли. 197101, Ленинград, ул. Мира, 3.

* રૂસી લોકકથા

પાઇક આજ્ઞા આપે છે

રૂપાંતરકાર-બુલાતોવ *

એક વખત એક ગામમાં ત્રણ ભાઈઓ રહેતા હતા. તેમાંથી બે ભાઈઓ હોંશિયાર હતા. પણ ત્રીજો મૂરખ યેમેલ્યા કહેવાતો હતો. એક દિવસ દૂરના શહેરમાં મેળો ભરાઈ રહ્યો હતો. મોટા ભાઈઓ આ મેળામાં જવા માટે તૈયાર થયા. જતાં પહેલાં તેમણે કહ્યું:

"યેમેલ્યા, આખો દિવસ ભઠ્ઠી પર આળસુની જેમ ન બેસી રહેતો. તારી ભાભીઓને મદદ કરજે અને તેઓ તને જે કંઈ કહે તેમ કરજે. તેના બદલામાં અમે તારા માટે મેળામાંથી ભેટ સોગાદમાં જૂતાંની નવી જોડ, કોટ અને સુંદર મઝાની લાલ ટોપી લાવીશું."

"ભલે," યેમેલ્યાએ જવાબ આપ્યો, "હું તેમ કરીશ."

મોટા ભાઈઓ તેમની રજા લઈને નીકળી પડયા.

થોડી વાર પછી ભાઈઓની પત્નીઓએ કહ્યું:

"યેમેલ્યા, ઘરમાં પાણી નથી. જા, નદીએથી થોડું પાણી લઈ આવ."

પણ યેમેલ્યા હૂંફાળી ભઠ્ઠી પરથી નીચે ન ઊતર્યો.

"હું હમણાં પાણી લેવા જવા નથી ઈચ્છતો," તેણે કહ્યું.

"ઓહ, એમ કે, તું નહિ જાય?" તેઓ બરાડી. "અને અમને મદદ કરવા માટે પોતાના ભાઈઓને વચન આપનાર તે કોણ હતું?"

"ઉફ, ભલે. હું જઈશ."

યેમેલ્યા ભઠ્ઠી પરથી ઊતર્યો. તેણે પોતાનો જૂનો કોટ અને જૂતાં પહેર્યાં. પટ્ટામાં કુહાડી ભરાવી, ખભે કાવડ ઉપર ડોલો લટકાવી અને ટેકરી નીચે નદી તરફ નીકળી પડયો.

બરફમાંની બખોલ તદ્દન જામી ગઈ હતી અને તેને સાફ કરવાની હતી. જ્યારે યેમેલ્યા તેને સાફ કરી રહ્યો હતો ત્યારે તેણે જોયું કે પાણીમાં મોટી પાઇક માછલી હતી. ઝડપથી તેણે પાણીમાં હાથ નાંખીને પાઇકને પૂંછડીએથી પકડી લીધી. પણ જ્યારે તેણે તેને પાણીમાંથી બહાર કાઢી ત્યારે પાઇક બિલકુલ માણસની જેમ વાતચીત કરવા લાગી.

"ઓ મૂરખ, મારી પાસેથી તું શું ઇચ્છે છે?" તેણે પૂછ્યું.

"હું તારી પાસેથી શું ઇચ્છું છું? અરે, હું તને ઘેર મારી ભાભીઓ પાસે લઈ જઈશ અને તેઓ મને મારું પેટ ભરવા સરસ સ્વાદિષ્ટ માછલીનો સૂપ બનાવી આપશે."

પછી પાઇકે આજીજી કરવાનું શરૂ કર્યું.

"ના, યેમેલ્યા, ના, એમ ન કરતો," તે રડી પડી. "મને જવા દે. હું તને શ્રીમંત બનાવી દઈશ."

"હું શ્રીમંત થવા નથી ઇચ્છતો," યેમેલ્યાએ વળતો જવાબ આપ્યો. "હું તેમ થયા વિના પણ ચલાવી શકું છું."

"ભલે, તો પછી, હું તું જે કંઈ પણ ઇચ્છે તે સાચું કરી બનાવી શકું છું. માત્ર તારે એટલું જ કહેવાની જરૂર છે 'પાઇક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું', અને આટલું કહેતાં જ તું જે પણ ઇચ્છશે તે બધું જ થઈ જશે."

"તો પછી વાત જુદી છે," યેમેલ્યાએ કહ્યું અને પાઇકને પાછી પાણીમાં ફેંકી દીધી.

"પાઇક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું, ડોલો, તમે પોતાની જાતે ભરાઈ જાઓ અને જાતે જ ઘેર પહોંચી જાઓ," તેણે હુકમ કર્યો.





કહેતાં વેંત જ ડોલો પોતાની મેળે છલોછલ ભરાઈ ગઈ અને બતકાંઓની જોડીની જેમ ડોલતી ડોલતી ઘર તરફ જવા ટેકરી ઉપર નીકળી પડી. યેમેલ્યા મનમાં ને મનમાં મરકતો તેમની પાછળ ચાલ્યો.

જ્યારે ગામવાસીઓએ જોયું કે ડોલો આપમેળે જ બારણાં તરફ દોડીને આવી રહી હતી ત્યારે તેઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં.

"અરે જુઓ! જુઓ!" તેઓ લગભગ બરાડી ઊઠયાં. "જુઓ તો ખરાં, યેમેલ્યા કેવી યુક્તિઓ અજમાવતાં શીખી ગયો છે! તેણે ડોલોને પોતાની મેળે જ ઘેર આવતી કરી અને રસ્તામાં એક વાર પણ તે ન તો ગબડી પડી છે કે ન તો તેમાંથી પાણીનું એક ટીપુંય છલકાયું છે."

"કોણ કહે છે તે મૂરખ છે?" યેમેલ્યાની ભાભીઓએ જ્યારે તેને જોયો ત્યારે એકબીજાનાં કાનમાં ગુસપુસ કરી. "જુઓ તો કેવો ચાલાક છે તે ડોલોને કેવી રીતે ઘેર આવતી બનાવી દીધી!"

જ્યારે તેઓ ઘેર પહોંચ્યા ત્યારે ડોલો પગથિયાં ચઢીને પોતાના બાંકડા ઉપર ગોઠવાઈ ગઈ અને ત્યાં સુધી પણ પાણીનું એકેય ટીપું છલકાયું નહોતું.

યેમેલ્યાએ પોતાનાં કોટ અને જૂતાં ઉતાર્યાં અને ફરીથી ભઠ્ઠી પર ચઢી ગયો.



"એય, ભાભીઓ," તેણે સ્ત્રીઓને બૂમ પાડીને બોલાવી, "ભઠ્ઠી ઠંડી પડી ગઈ છે."

"તેમાં આગ નથી," તેમણે તેને વળતો જવાબ આપ્યો, "અને તેથી તે ઠંડી છે. જંગલમાં જા અને થોડાંક લાકડાં લઈ આવ. અમે તારા માટે તેને ગરમ કરી આપીશું."

"હું હમણાં કંઈ જંગલમાં જવા નથી ઇચ્છતો."

"ઓહ, એમ કે, તો તું નહીં જાય? તો પછી તારા માટે મેળામાંથી કોઈ ભેટ પણ નહીં આવે કે પછી ન તો તું ગરમ ભઠ્ઠી પર સૂશે."

ભલે, હવે તેનો બીજો કોઈ ચારો નહોતો. યેમેલ્યા ભઠ્ઠી પરથી નીચે ઊતર્યો, પોતાનાં ગરમ કપડાં પહેર્યાં અને આંગણામાં બધી વસ્તુ તૈયાર કરવા બહાર નીકળ્યો. તેણે આશ્રયસ્થાનમાંથી સ્લેજગાડી બહાર ખેંચી કાઢી, તેમાં કુહાડી, કરવત અને દોરડાનું ગૂંચળું ફેંક્યા અને પછી પોતે પણ તેમાં ચઢી ગયો.

"એય, ભાભીઓ," તેણે બૂમ પાડી, "બારણાં ઉઘાડી નાંખો. હું જંગલ તરફ જાઉં છું."

“તું ગાંડો થઈ ગયો છે કે શું ?” ભાભીઓ લગભગ બરાડી ઊઠી. “ખરેખર જંગલ તરફ જાય છે અને ઘોડા તો સ્લૅજને જોડ્યા પણ નથી! અમે ઘોડા જોતવા મદદ કરીએ?”

પણ યેમેલ્યાએ કહ્યું:

“શા માટે બિચારા ઘોડાને થકવવો? બિચારાં જનાવર માટે મને દયા આવે છે તેની ઉપર, હું તેના વિના પણ ચલાવી લઈ શકીશ. બારણાં ઉઘાડો!”

સ્ત્રીઓને આશ્ચર્ય થયું. પણ તેમણે તેના માટે બારણાં ખોલ્યાં. પછી યેમેલ્યા અત્યંત ધીમાં ગુસપુસ અવાજે બોલ્યો:

"પાઈક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું, સ્લૅજ, દોડીને જંગલમાં પહોંચી જા."

કહેતા વેંત જ સ્લૅજ જાણે કોઈએ ચાબુકથી તેને ખેંચી લીધી હોય તેમ નીકળી પડી. તેની નીચે આવતો બરફ જોરથી ચરચરાટ કરવા લાગ્યો.

તેની પૂરપરાટ ઝડપ ઉપર ગામ અને નાનાં ગામમાંથી પસાર થતાં તેનાં દાંડા ક્રૂર રીતે ઝૂલતાં હતાં કારણ કે યેમેલ્યા તેને યોગ્ય સ્થાને કસવાનાં ભૂલી ગયો હતો.

તે દિવસે ગામમાં ઉત્સવ હતો અને ગલીઓ લોકોથી ભરેલી હતી. તેઓ સ્લૅજની ફરતે ટોળે વળવાં લાગ્યાં, તેની પાછળ અને બાજુમાં તથા તેની આગળ સ્લૅજની નીચે શું છે જોવા દોડવા લાગ્યાં અને એ સમજવાનો પ્રયત્ન કરવા લાગ્યાં કે તે કેવી રીતે વગર ઘોડે જઈ શકતી હતી. અને ઢીલાં મુક્તપણે ઝૂલતાં દંડાએ ઘણાં લોકોને લપેટમાં લઈ લીધાં, ઘણાંને ઊંધે માથે પછાડયાં અને બીજાંઓને ખેંચાઈ આવેલાં બરફ નીચે દાટી દીધાં. પછી તો તેઓ ગુસ્સે ભરાયાં, તેમણે યેમેલ્યાને પકડવાનો પ્રયત્ન કર્યો અને તેને તેની સજા આપવાનો વિચાર કર્યો. પણ તેઓ પૂરતી ઝડપે દોડી ન શક્યાં અને તે જતો રહ્યો.

જ્યારે સ્લૅજ જંગલની વચ્ચોવચ જઈ પહોંચી ત્યારે તે રોકાઈ. યેમેલ્યા નીચે ઊતર્યો, આજુબાજુ જોયું અને બોલ્યો:

"પાઇક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું, કરવત મારા માટે કેટલાંક વૃક્ષો તોડી પાડ, તેમાંથી માત્ર સારા અને સૂકાં જ ચૂંટી લાવજે. કુહાડી, વૃક્ષોનાં બળતણનાં લાકડાંઓનાં ફાડચાં કરી નાંખ. લાકડા, કુહાડીને તને કાપવા દે. અને જ્યારે તમે કપાઈ જાઓ પોતાની મેળે સ્લૅજ પર ઢગલો થઈ જાઓ અને પોતાની જગ્યાએ દોરડા વડે આપમેળે જ બંધાઈ જાઓ."

જેવું તેણે કહ્યું કે તરત તેમ થયું. કરવતે કેટલાંક વૃક્ષો કાપ્યાં અને કુહાડીએ તેમનાં બળતણનાં લાકડાનાં ફાડચાં કર્યાં અને લાકડાં સીધાં સ્લૅજ તરફ દોડીને પોતાની મેળે ત્યાં ઢગલો થઈ ગયાં અને દોરડા વતે યોગ્ય ઠેકાણે કસીને બંધાઈ ગયાં. થોડી જ વારમાં બધું તૈયાર હતું.

પછી યેમેલ્યાએ દાંડાઓ કસ્યાં જેથી કરીને તેઓ બીજાં વધારે લોકોને ઈજા ન પહોંચાડે અને પોતે લાકડા ઉપર ચઢી ગયો અને બોલ્યો:

"પાઇક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું, સ્લૅજ, દોડીને ઘેર પહોંચી જા."

અને સ્લૅજ પોતાની પાછળ બરફનાં વાદળાં છોડતી નીકળી પડી.

ગામમાં લોકો યેમેલ્યાની રાહ જોતાં બેઠાં હતાં. તેઓ પોટ-હૂકો અને દાંતાઓ, લાકડીઓ અને ગદાઓ તથા દોરડાં વડે સજ્જ થયેલાં હતાં. તેઓ તેને પકડીને તેમને આવો ભય પમાડાવવા અને તેમને બરફમાં ફેંકવા બદલ સજા આપવા ઇચ્છતાં હતાં.

જેવો તે નજરે પડયો કે તરત જ તેમણે પોતાનાં દોરડાંઓ અને હૂકોનો ઉપયોગ કરીને તેને રોકવાનો પ્રયત્ન કર્યો.

"પકડો તેને!" તેઓ બરાડયાં. "રોકો તેને, હવે! પકડો તેને!"

ખરેખર તેને પકડવો! જાણે તમે એ સ્લૅજને રોકી શકતાં હતાં! તે એટલી તો ઝડપથી ઊડતી હતી કે બરફ એટલો ઊછળતો હતો કે તેનું નામોનિશાન ઢંકાઈ જતું હતું.

સ્લૅજ ઘર સુધી પહોંચી ત્યાં સુધી ક્યાંય રોકાઈ જ નહિ. અને પછી લાકડાં પોતાની મેળે સ્લૅજ પરથી ઊતરવાનાં શરૂ થઈ ગયાં. કેટલાંક ફાડચાં આંગણામાં પોતાની મેળે જ ઢગલામાં ગોઠવાઈ ગયાં અને બીજાં ઘરામાં જવા સીધાં પગથિયાં તરફ ગયા અને ભઠ્ઠીમાં કૂદી પડયાં. તેમાંનાં દરેકે દરેક પોતાની યોગ્ય જગ્યા જાણતાં હતાં. કુહાડી અને કરવત પણ અંદર જતાં રહ્યાં અને તેઓને જે જગ્યાએ રાખવામાં આવતાં હતાં ત્યાં બાંકડા હેઠળ ગોઠવાઈ ગયાં.

ભાભીઓ તો એટલી બધી ગભરાઈને બી ગઈ હતી કે તેઓને શું કરવું કે કંઈ બાજુ વળવું તેની કંઈ સૂઝ નહોતી પડતી. તેમનામાંથી એક ટેબલ હેઠળ સંતાઈ ગઈ અને બીજી ઊંચા સૂવાનાં પાટિયા પર.

"અમે તારા ભાઈઓને તારી ફરિયાદ કરીશું", તેઓ બરાડી ઊઠી.

પણ યેમેલ્યા માત્ર હસ્યો.

"મૂરખ ગભરું બિલાડીઓ", તેણે વળતો જવાબ આપ્યો. "સંતાવાનું બંધ કરો અને મને થોડો સરસ સ્વાદિષ્ટ કૂબીનો સૂપ બનાવી આપો. જંગલમાં એટલી તો ઠંડી છે કે હું તો આખો ને આખો થીજી ગયો."

હવે જ્યારે યેમેલ્યા સૂપ ખાઈ રહ્યો હતો અને ભઠ્ઠી પર પોતાનાં હાડકાં શેકી રહ્યો હતો ત્યારે કેટલાંક ગામવાસીઓ આ મૂરખ યેમેલ્યાની એ ફરિયાદ કરવા ઝાર પાસે દોડી ગયાં કે તેણે કોઈ ઘોડા વગર પોતાની સ્લૅજ હાંકી અને તેમની આંખો સામે લોકોને બીવડાવ્યાં, તેમને ઊંધે માથે પછાડયાં અને બરફમાં દબાવી દીધાં.

ઝારે વિચાર્યું તેણે આવાં વિચિત્ર માણસને એક નજરે જોયો જોઈએ અને તેણે પોતાનાં મુખ્ય ઉમરાવોમાંથી એકને યેમેલ્યાને મહેલમાં લઈ આવવા મોકલ્યો.

આમ આ મુખ્ય ઉમરાવ ગામ તરફ સવાર થયો અને તેની સાથે તેનાં અનુચરોની આખી વણઝાર પણ આવી પહોંચી તે યેમેલ્યા જ્યાં રહેતો હતો ત્યાં ગયો અને સીધાં ધમકાવવા અને ધમકી આપવાનું શરૂ કરી દીધું.

"ક્યાં છે આ એ જ મૂરખ યેમેલ્યા?" તે જોરથી ઘાંટો પાડી ગરજ્યો. "તેને ઝડપથી બહાર લાવો!"

ભાભીઓ તો એટલી બધી બી ગઈ કે તેઓ ભઠ્ઠીની પાછળ સંતાઈ ગઈ. તેમનામાં એક શબ્દ પણ બોલવાની હિંમત નહોતી. પણ યેમેલ્યા જરા પણ બીધ્યો નહોતો.

"હું અહીં છું", તેણે કહ્યું, "ભઠ્ઠી ઉપર બેસીને નીચે તમારી તરફ જોઈ રહ્યો છું, તમે શું ઇચ્છો છો?"

"મૂરખ, તારો કોટ પહેર. અને બૂટ પણ, સમજ્યો. ઓ મૂરખ, હું તને ઝાર પાસે લઈ જવા આવ્યો છું."

"પણ હું કંઈ ઝારને મળવા જવા નથી ઇચ્છતો."

"ઓફ્, એમ, તો આ છે તારી વાત કરવાની રીત?"

અને મુખ્ય ઉમરાવ ભઠ્ઠી તરફ ફાળ ભરતો ગયો અને યેમેલ્યાના ચહેરા ઉપર તમાચો ચોઢી દીધો.

તેણે પોતાનાં અનુચરોને બરાડીને કહ્યું, "તેને નીચે ખેંચી લાવો."

હા, યેમેલ્યાને તે જરા પણ ન ગમ્યું. તેથી તે મનમાં ને મનમાં બડબડ્યો:

"પાઈક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું, ડફણાં, આપણાં અણગમતાં અતિથિને તેને લાયક પ્રસાદી ચખાડ. ઝાડુ, તેનામાંથી બધી ધૂળ ઝાડી નાંખ."

ડફણું જમીન પરથી ઊછળ્યું અને ઝાડુ તેનાં ખૂણામાંથી બહાર આવ્યું. અને તેઓ બંને પોતપોતાનાં કામે લાગી ગયાં. ડફણું ઉમરાવનાં અનુચરો પર ધમાધમ ફટકા મારી રહ્યું હતું અને ઝાડુ ધૂળ ઝાડી રહ્યું હતું. થોડી જ વારમાં ઉમરાવમાં વધારે ધમકાવવાની તાકાત ન રહી. તે માત્ર કણસી શકતો હતો, આમળિયાં ખાઈ શકતો હતો, પોતાનું માથું નમાવી શકતો હતો અને દયાની ભીખ માંગી શકતો હતો.

છેવટે આ મુખ્ય ઉમરાવ અને તેનાં અનુચરો ઘરમાંથી ભાગી ગયાં અને જેટલી ઝડપથી ભાગી શકતાં હતાં તેટલી ઝડપે ભાગ્યાં. પણ ડફણું અને ઝાડુ તો તેમની પાછળ ને પાછળ પડેલાં રહ્યાં અને છેક ઝારનાં મહેલ સુધીનાં આખા રસ્તે મુખ્ય ઉમરાવની પીઠ અને ખભાઓને ટીપતાં જ રહ્યાં.

મુખ્ય ઉમરાવ ઝાર પાસે લંગડાતી ચાલે આવ્યો અને બોલ્યો:

"આવી દશા તેણે કરી છે મારી. બળજબરીથી તેને લાવી શકાય તેમ નથી. આપણે તેની ઉપર કોઈ બીજી જ યુક્તિ અજમાવવી જોઈએ."

ત્યાર બાદ ઝારે પોતાનાં ઉમરાવોમાંથી બીજાને યેમેલ્યાને બોલાવી લાવવા મોકલ્યો. આ ઉમરાવનો દરજ્જો નીચો હતો પણ તેનું મગજ વધારે સારી રીતે કામ કરતું હતું. તેણે પોતાનાં ખિસ્સાંઓમાં મધની કેક અને સૂકાંમેવાં તથા બીજા ચોકલેટો ભર્યાં અને પોતાને સોંપાયેલ કામ પૂરું કરવા નીકળી પડયો.

જ્યારે તે ગામમાં પહોંચ્યો ત્યારે તેણે યેમેલ્યાની ભાભીઓને બોલાવીને પૂછ્યું:

"યેમેલ્યાને શું ગમે છે અને શું નથી ગમતું?"

ભાભીઓએ કહ્યું:

"તેની સાથે સારી રીતે વાત કરો તો તેને ગમે છે અને જો કોઈ તેની ઉપર હુકમ ચલાવવાનો પ્રયત્ન કરે તો તેને નથી ગમતું."

ઉમરાવ ઘરમાં પ્રવેશી ભઠ્ઠી તરફ ગયો અને નીચા નમીને કહ્યું:

"કેમ છો, યેમેલ્યાન ઈવાનોવિચ. શું તમે આ કેક, સૂકાંમેવાં અને મિઠાઈઓ નહીં ચાખો? શું તમે મારી સાથે ઝારને મળવા નહીં આવો? તે તમને મળવા બહુ આતુર છે."

"પણ હું ભઠ્ઠી પરથી નીચે ઊતરવા પણ નથી ઈચ્છતો", યેમેલ્યાએ કહ્યું.

"કૃપા કરીને ચાલો, યેમેલ્યાન ઈવાનોવિચ, જો તમે નહિ આવો તો ઝાર મારા ઉપર ક્રોધે ભરાશે. અને તમારાં કારણે તે મારું માથું વાઢતાં પણ નહિ અચકાય."

યેમેલ્યાને બિચારા બાપડા ઉમરાવ ઉપર દયા આવી.

"ભલે સારું", તેણે કહ્યું, "હું જઈશ. પણ મારી પહેલાં તમે જાઓ અને રસ્તો સાફ કરો અને હું બિલકુલ તમારી પાછળ પાછળ આવીશ."

ઉમરાવે એકદમ ધીમા અવાજે ભાભીઓને પૂછ્યું:

"શું મૂરખ મને બુદ્ધુ બનાવશે?"

"ના," ભાભીઓએ તેને કહ્યું. "તે એવાં પ્રકારનો માણસ નથી. એક વખત તે તમને વચન આપે છે તો તે હંમેશાં તેને પાળશે જ એ ચોક્કસ વાત છે."

આમ ઉમરાવ મહેલ તરફ જવા નીકળી પડયો. પછી યેમેલ્યાએ ભઠ્ઠી ઉપર જ પોતાનાં પગ લંબાવતા કહ્યું:



"મને આટલી સરસ હૂંફાળી ભઠ્ઠી પરથી ઊતરવાની જરાપણ ઇચ્છા નથી થતી. બહાર ખૂબ ઠંડી છે અને વળી બરફ પણ પડી રહ્યો છે. મારો કોટ પણ જૂનો અને ઘસાયેલો તથા ઠેકઠેકાણે થીંગડા લગાડેલો છે. આમ જો ભઠ્ઠી, પાઇક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું, મને ઝાર પાસે લઈ જા."

કહેતાં વેંત જ ભઠ્ઠીએ ગડગડાટ કર્યો અને વળી પોતાને ઘરથી અલગ કરી અને મેદાનો, ગોચરો, ગામ અને પરગણાંઓમાંથી પસાર થતી નીકળી પડી. તે ઝારનાં દૂતની સાથે થઈ ગઈ અને તેનાથી આગળ નીકળી ગઈ.

ભઠ્ઠી જરાપણ કારણ વિનાં એક બાજુ વળતી સીધી આગળ વધી. તેની ચીમનીમાંથી ધુમાડો નીકળતો હતો અને ચીમનીની પાછળ ગીત ગાતો યેમેલ્યા સૂતો હતો. ભઠ્ઠી સીધી રાજધાની તરફ ગઈ અને ઝારનાં મહેલ સુધી પહોંચ્યા પહેલાં એક પળ માટે પણ ન રોકાઈ. આખી રાજધાનીમાં ધાંધલ ધમાલ મચી ગઈ. લોકો આંગળીઓ ચીંધી ચીંધીને બૂમરાણો મચાવી રહ્યાં હતાં, કૂતરાંઓ ભસી રહ્યાં હતાં, ઘોડાઓ હણહણી રહ્યાં હતાં, કૂકડાંઓ કૂકડે કૂં મચાવી રહ્યાં હતાં...

મહેલનાં અનુચરો ઉતાવળે ઉતાવળે ઝાર પાસે દોડી ગયાં.

"અરે ઝાર, જલદી આવો! મૂરખ યેમેલ્યા તમને મળવા આવ્યો છે, ભઠ્ઠી પર સવાર થઈને."

ઝાર પોતાની દીકરી—ઝારેવ્ના, પોતાનાં રાજકુમારો અને ઉમરાવો સાથે મહેલનાં પ્રાંગણમાં આવ્યો.

"તેં ઘોડા વગર સ્લૅજ પર સવાર થઈ સવારી કરવાની હિંમત કેવી રીતે કરી?" ઝારે સવાલ પૂછ્યો. "મારી જનતાને ભય પમાડવાની અને તેમને બરફમાં દબાવવાની તેં હિમ્મત કેવી રીતે કરી?"

પણ યેમેલ્યાએ વળતો પ્રત્યુત્તર આપ્યો :

"એમાં મારી શી ભૂલ છે? કોણે તેમને રસ્તામાંથી દૂર થવાને બદલે મારી સ્લૅજની સામે આવવા કહ્યું હતું? જો તમે ત્યાં સામે આવ્યાં હોત તો તમે પણ પછડાટ ખાઈ ગયાં હોત."

ઝારનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. તેણે પોતાનાં અનુચરોને ભઠ્ઠી પરથી નીચે ઘસડી લાવવા અને તેને દોરડે બાંધીને જેલમાં પૂરવાનો આદેશ આપ્યો. ના, અહીં સારાની કોઈ આશા નહોતી! અને એ જોતાં યેમેલ્યા ગુસપુસ અવાજે બોલ્યો :

"પાઈક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું, ભઠ્ઠી, મને ઘેર લઈ જા. ઝારની દીકરી મારી સાથે ઊંડા પ્રેમમાં પડી જા અને મારી સાથે લગ્ન કરવાની માંગણી કર."

ભઠ્ઠી પાછી ફરી અને ઘર તરફ નીકળી પડી. ઝાર ફરીથી ગરજ્યો: "પકડો તેને અને ભઠ્ઠી પરથી હેઠો ઊતારો એને, તથા દોરડે બાંધી દો!" પણ કોઈપણ કંઈ પણ કરી શકે તેમ નહોતું. યેમેલ્યા જેવો આવ્યો હતો તેવો જ અભિવાદન કર્યાં વિના કે વિદાય લીધાં વિના જતો રહ્યો.

થોડી જ વારમાં ભઠ્ઠી ઘેર પહોંચી ગઈ. એક ગડગડાટ કરતી ગર્જના સાથે તે પોતાનાં ખૂણામાં પાછી જતી રહી અને ત્યાં જાણે કદી ત્યાંથી હટી જ ન હોય તેમ હંમેશની જેમ જ ગોઠવાઈ ગઈ.

ઝારના મહેલમાં ડૂસકાંઓ પર ડૂસકાં લેવાઈ રહ્યાં હતાં અને રોક્કળ મચી ગઈ હતી. ઝારેવ્ના ઝારને ચેન લેવા નહોતી દેતી, "શા માટે તમે યેમેલ્યાને ધમકી આપી? શા માટે તમે યેમેલ્યાને ભડકાવ્યો? હું યેમેલ્યા વિના એક પળ પણ નહિ જીવી શકું. હું યેમેલ્યા સાથે લગ્ન કરવા ઇચ્છું છું."

ઝાર તેની ઉપર ગરજી પડયો અને ધમકાવવા લાગ્યો. તેણે પોતાનાં પગ ગુસ્સામાં જોરથી પછાડયાં અને પોતાની મુઠ્ઠીઓ વડે ટેબલ ઉપર પ્રહાર કર્યાં પણ કેમે કરીને તે પોતાની દીકરીને કંઈપણ ન સમજાવી શક્યો. આખો દિવસ અને આખી રાત તે ચોધાર આંસુએ રડતી જ રહી. ન તો તેણે ખાધું કે ન તો કંઈ પીધું કે ન તો પળવાર માટે ઝપકી ખાધી. તે બસ એમને એમ રડતી જ રહી. હા, હવે કોઈ બીજો ચારો નહોતો. ઝારે યેમેલ્યાને ફરીથી લાવવાનો હુકમ કર્યો.



"પણ માત્ર તેને પેલી ભઠ્ઠી ઉપર ન લાવશો", તેણે કહ્યું. "જો તે પોતાની ભઠ્ઠી ઉપર આવશે તો આપણે તેને કદી નીચે નહિ ઉતારી શકીએ. તેને મારી પાસે સ્લેજમાં લઈ આવો. ત્યાર પછી તે આપણાં હાથમાં હશે."

ઝારનાં કપટી દૂતે ફરીથી ગામ તરફ જવાની ઉતાવળ કરી. અને મીઠાં મીઠાં સુંદર શબ્દો બોલીને યેમેલ્યાને મૂરખ બનાવી ભોળવ્યો અને તેનાં પીણામાં ઘેનનો પાવડર નાંખી દીધો. જ્યારે યેમેલ્યા ઘેનમાં પડી ગયો ત્યારે ઝારનાં દૂતે તેને દોરડા વડે બાંધ્યો, સ્લેજમાં નાંખ્યો અને જેટલી બની શકે તેટલી ઝડપે મહેલ તરફ પાછો જવા રવાના થઈ ગયો.

આમ યેમેલ્યાને ઝાર પાસે લાવવામાં આવ્યો. ઝારે મોટું પીપ તૈયાર રાખ્યું હતું. ઝારનાં અનુચરોએ યેમેલ્યાને સ્લેજ પરથી ઉતારીને તે પીપમાં નાંખ્યો. પણ ઝારેવ્નાએ જે કંઈ બની રહ્યું હતું તે જોયું. તે દોડતી દોડતી બહાર આવી અને પીપની ફરતે પોતાનાં હાથ વીંટાળીને તેને જવા ન દીધું.

"તમે જ્યાં પણ યેમેલ્યાને મૂકો, મને પણ ત્યાં જ મૂકો", તે રડવા લાગી.

ઝાર એટલો બધો તો ક્રોધે ભરાયો કે તેણે પોતાનું બધું સાનભાન જ ગુમાવ્યું અને તેણે પોતાની દીકરીને પણ યેમેલ્યાની સાથે જ પીપમાં મૂકવાનો હુકમ આપ્યો.

"જો તે મૂરખને આટલો બધો ચાહે છે તો તે પણ તેની સાથે તેવી જ દશા ભોગવશે", તેણે કહ્યું.

ઝારનાં કહેતાં વેંત જ તેમ કરવામાં આવ્યું. મજબૂત લોખંડની પટ્ટીઓ પીપ ઉપર ચઢાવવામાં આવી. તેની ઉપર ખૂબ સારી રીતે ડામર ચોપડવામાં આવ્યો અને પછી તેને દરિયામાં ફેંકી દેવામાં આવ્યું. તે મોજાંઓની સાથે દૂર દૂર ખેંચાઈ ગયું.

પીપમાં ઝારેવ્નાએ યેમેલ્યાને બંધનમુક્ત કર્યો અને તેને જગાડવાનો પ્રયત્ન કરવા લાગી.

"યેમેલ્યા, મારાં વ્હાલા, હવે વધારે ન ઊંઘ. જાગી જા. આપણે અહીં છીએ, પીપમાં, દરિયામાં તરી રહ્યાં છીએ. આપણી પાસે ન તો કંઈ ખાવાનું છે કે ન તો કંઈ પીવાનું. આપણે થોડી વારમાં જ ભૂખે મરી જઈશું."

પણ યેમેલ્યાએ માત્ર આટલું જ કહ્યું:

"મને ઊંઘવા દો."

"મને પણ ઊંઘ આવે છે", તેણે કહ્યું. "પણ માત્ર આ વખત સપનાં જોવાનો નથી. પીપને કિનારા ઉપર ગબડતું કર. તું તો એટલો હોંશિયાર છે કે તારા માટે એવું કોઈ કામ નથી જે તું ન કરી શકે."

"સારું, ભલે", યેમેલ્યાએ કહ્યું, "તું કહે છે તેમ થવા દો. પાઈક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું, પીપ, દરિયામાંથી બહાર ગબડી જા, અમને લીલાંછમ ગોચરો અને સોનેરી રેત પર પહોંચાડી દે અને ખૂલી જા."

હજી તો તેનાં મોંમાંથી શબ્દો પૂરાં બહાર નીકળ્યાં પણ નહોતાં તે પહેલાં જ પીપ એક ટાપુ પર પહોંચી ગયું અને ઊઘડી ગયું. યેમેલ્યા અને ઝારેવ્નાએ પોતાને લીલાંછમ ગોચરો અને સોનેરી રેત પર જોયાં.

ઝારેવ્નાએ આજુબાજુ નજર નાખીને કહ્યું:

"પણ યેમેલ્યા, આપણે અહીં રહીશું કેવી રીતે? અહીં ક્યાંય આસપાસ ન તો કોઈ શહેર છે કે ન તો કોઈ ગામ. આપણી પાસે નાનું તો નાનું પણ એક ઘર તો હોવું જ જોઈએ..."

"આપણી પાસે ઘર થશે અને તે પણ કંઈ જેવું તેવું નાનું નહીં," યેમેલ્યાએ જવાબ આપ્યો. "પાઈક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું, એક મહેલ ઊભો થઈ જાય જે પેલાં ઝારનાં મહેલ કરતાં પણ વધારે ભવ્ય હોય."

બોલતાં પહેલાં જ તેમની સામે ધરતીમાંથી ફૂટી નીકળ્યો હોય તેમ એક શાનદાર મહેલ ઊભો હતો. તે સાત થાંભલાંઓ ઉપર ઊભો હતો અને તે અદ્ભૂતકારક સુંદર હતો, તેનાં છાપરાં ચાંદીનાં અને ગુંબજો સોનાનાં હતાં, દરેક બાજુએ અંદર અને બહારની તરફ જતાં નાનકડાં આંગણો હતાં. મહેલની ફરતે બગીચાઓ, તળાવો અને નાનાં નાનાં આરામગૃહો હતાં. બગીચાઓમાં બુલબુલોનાં ગીત ગૂંજી રહ્યાં હતાં અને તળાવમાં બરફ જેવાં સફેદ રાજહંસ તરતાં હતાં...

યેમેલ્યા અને તેની ઝારેવ્ના મહેલમાં પ્રવેશ્યાં અને અહીં તેમણે હજી પણ વધારે આશ્ચર્યો જોયાં. તેજસ્વી સૂરજ મહેલની છતમાંથી ચમકતો દેખાતો હતો. અને જ્યારે સૂરજ ડૂબી જતો ત્યારે ચાંદ ઊગી આવતો હતો તથા તેજસ્વી તારલાંઓ સ્પષ્ટપણે ચમકતાં હતાં...

આમ તેઓ પોતાનાં ટાપુ મહેલમાં રહેવા લાગ્યાં. તેઓ જે પણ ઇચ્છતાં તે બધું જ તેમની પાસે હતું. માત્ર ઊણપ હતી વાતચીત કરવા માટે કોઈ જીવની. માત્ર તેઓ એકદમ એકલવાયાં પડી ગયાં હતાં.

"જો આપણે આપણાં કુટુંબીજનોને જોઈ શકતાં હોત તો," ઝારેવ્નાએ વિનવણી કરી.

"ઘણું સારું", યેમેલ્યાએ જવાબ આપ્યો. "પાઇક આજ્ઞા આપે છે અને હું માંગણી કરું છું, દરિયા પર લોખંડનો પુલ તૈયાર થઈ જાય અને તે પુલ પરથી મારાં ભાઈઓ અને તેમની પત્નીઓ અમને મળવા આવે."

કહેતાં વેંત જ ચમત્કાર, દરિયા ઉપર પુલ તૈયાર થઈ ગયો. લોખંડનાં પુલ ઉપર સોનેરી કઠેરાઓ હતાં. જેમાં થાંભલાંઓમાં કિંમતી માણેકો જડેલાં હતાં જે તારલાંઓની જેમ ટમટમતાં હતાં. એક ઘોડાગાડી પુલ પરથી પસાર થતી ટાપુ તરફ આવતી હતી અને તેમાં યેમેલ્યાનાં ભાઈઓ તથા તેમની

પત્નીઓ બેઠાં હતાં. ભાઈઓ નવાં કપડાંઓમાં સજ્જ હતાં અને તેમની પત્નીઓ પણ ફૂલોથી ભરેલાં બગીચા જેટલાં તેજસ્વી નવાં વસ્ત્રોમાં સજ્જ હતી અને કેવી રીતે તેમણે યેમેલ્યાને બાથમાં ભીડયો અને કેવી રીતે તેમણે તેને ચૂમ્યો હતો!

"તો તું અહીં છે," તેમણે કહ્યું. "અને અમે જંગલોમાં અને કળણોમાં દરેક ઠેકાણે તારી તપાસ કરી રહ્યાં હતાં."

અચાનક તોપની ગર્જનાનો અવાજ આવ્યો. ટાપુ નજીક એક વહાણ લાંગરવામાં આવ્યું. આ વહાણ ઉપર ઝાર અને તેનો આખો દરબાર ઊભો હતો.

"ખલાસીઓ, તમે શા માટે વહાણને અહીં બાંધી રહ્યાં છો?" યેમેલ્યાએ તેમને પૂછ્યું.

"કેમ કે અમે ઘણાં દિવસોથી એક પીપની શોધમાં દરિયો ખેડી રહ્યાં છીએ."

"અને એ પીપની તમારે શી જરૂર છે?"

"બહુ જ જરૂર છે," ઝારે જવાબ આપ્યો. "તે પીપમાં મારી દીકરી અને તેની સાથે મૂરખ યેમેલ્યા છે. એક દિવસ મેં મારું સાનભાન ગુમાવ્યું અને તેમને ડૂબાડવા માટે દરિયામાં ફેંકી દીધાં..."

"મારી તરફ જુઓ," યેમેલ્યાએ કહ્યું. "વધારે બારીકીથી જુઓ. શું હું એ જ તો નથી જે તમને મળવા ભઠ્ઠી પર સવાર થઈને આવ્યો હતો?"

ઝારે જોયું. જોતાં વેંત જ તે બીકને માર્યો લગભગ અધમૂઓ જ થઈ ગયો. તે યેમેલ્યાને પગે પડ્યો અને ભીખ માંગવા લાગ્યો, આજીજી કરવા લાગ્યો:

"મને માફ કરી દે, યેમેલ્યા, મને સજા ન આપ."

"ભલે, તેમ થશે," યેમેલ્યાએ કહ્યું. "આ એક વખત હું તમને માફ કરીશ."

પછી ઝારેવ્ના મહેલમાંથી બહાર આવી.

"સુસ્વાગતમ્," તેણે કહ્યું. "અમારાં નવાં ઘરમાં આપનું સ્વાગત."

તેઓ બધાં અંદર ગયાં અને ભરતકામ કરાયેલ કપડું પાથરેલાં ઓકનાં લાકડાંનાં ટેબલ ફરતે ગોઠવાયાં, આનંદમાં ખાધું-પીધું મોજ મઝા માણી અને મધુર ગીતો ગાયાં.

હું પણ આ મિજબાનીમાં બેઠો હતો,
પીધું મધનું પેય ને પીધું બીયર.
જે કંઈ પીધું તે સરકી ગયું દાઢીમાંથી,
પણ મોંમાં ન ગયું એકેય ટીપું.

50 к.

'રાદુગા' પ્રકાશન
મોસ્કો

અનુવાદ — શ્રુતિ મહેતા
ચિત્રો — તાત્યાના માવ્રિના

Перевод сделан по книге:
"По щучьему велению."
М., "Детгиз", 1958г.



ПО ЩУЧЬЕМУ ВЕЛЕНИЮ
на языке гуджарати

THE PIKE COMMANDS
A Russian Folk Tale
in Gujarati

© ગુજરાતી અનુવાદ, 'રાદુગા' પ્રકાશન, ૧૯૮૯

ISBN 5-05-002089-1

П $\frac{4803010104-086}{031(01)-89}$ 162-89

સોવિયેત સંઘમાં મુદ્રિત